ઇ-મેઇલ દ્વારા

| | | |
|---|---|---|
| **પ્રતિ** | - | ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી. બ્લોક નં.૧, આઠમો માળ, ઉદ્યોગભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર |
| **જાણ** | - | પોલીસ મહાનિરીક્ષકશ્રી, ભાવનગર વિભાગ, ભાવનગર. |
| **પ્રેષક** | - | પોલીસ અધિક્ષક ભાવનગર. |
| **ક્રમાંક** | - | કોમ્પ્યુટર શાખા/સાફલ્ય ગાથા/૨૨૩/૨૩, તા.૧૫/૦૫/૨૦૨૩ |
| **આધાર** | - | અ.પો.મહા.શ્રી, એસ.સી.આર.બી., ગુ.રા., ગાંધીનગરના મેસેજ ક્રમાંકઃએસસીઆરબી/પોલીસ સાફલ્યગાથા/૧૪૩/૨૦૧૨, તા.૦૪/૦૭/૨૦૧૨ અન્વયે. |
| **વિષય** | - | વેબસાઇટ અપડેટ કરવા સાફલ્ય ગાથાની માહિતી મોકલ્યા બાબત. |

સવિનય જય ભારત સાથ આપશ્રીની કચેરીના ફેકસ મેસેજ ક્રમાંક સીસી/કોન્સોલ/૫૮૦/૨૦૧૨ તા.૨૩/૦૫/૨૦૧૨ અન્વયે ભાવનગર જીલ્લાની સારી કામગીરીની વિગત નીચે મુજબ છે. જે વેબ સાઇટ ઉપર અપલોડ કરવા વિનંતી છે.

નીચે જણાવ્યા મુજબનાં મુદ્દાની કામગીરી તા.૦૮/૦૫/૨૦૨૩ થી તા.૧૪/૦૫/૨૦૨૩ સુધીમાં પોલીસ વિભાગનાં દરેક અધિકારી/કર્મચારી દ્વારા કરવામાં આવેલ સારી કામગીરી (સાફલ્ય ગાથા) ની હકીકત અત્રેના જીલ્લાની સામેલ પત્રક મુજબ છે. જે આપ સાહેબ ને વિદિત થાય.

૧. કોઇ ગંભીર પ્રકારના ગુન્હાઓ શોધી કાઢવા/અટકાવવાની કામગીરી.
૨. ખોવાયેલ/વિખુટા પડેલ બાળક, મહિલા કે વૃધ્ધને વાલી વારસને સોંપેલ હોય.
૩. મહિલા, બાળકો તથા વૃધ્ધોને પરેશાની કે હેરાનગતિના બનાવોથી બચાવેલ હોય.
૪. બાળ શોષણના કેસો શોધી કાઢયા હોય.
૫. કોઇ મોટા પ્રમાણમાં વિસ્ફોટક પદાર્થ, હથિયારો, માદક દ્રવ્યોના કેસો શોધી કાઢેલ હોય.
૬. કોઇ ત્રાસવાદી/નકસ્લવાદી પ્રવૃતિ અટકાવેલ હોય/શોધી કાઢેલ હોય.
૭. કોઇ ગામ કે વિસ્તાર પોલીસના સમજાવટનાં પ્રયાસોથી વ્યસન મુકત બનેલ હોય.
૮. કોઇ સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓને આર્થિક તથા અન્ય રીતે મદદરૂપ થવાની કામગીરી કરેલ હોય.
૯. કોઇ પણ પ્રસંગ હોય અને પોલીસે પ્રજા માટે સારી કામગીરી કરેલ હોય.
૧૦. પોલીસની કામગીરીમાં પ્રજાએ પણ સહકાર આપ્યો હોય.
૧૧. કોઇ બીમારીથી પિડાતા દર્દીને પોલીસે કોઇ પણ રીતે મદદરૂપ થયેલ હોય.
૧૨. કોઇ ગંભીર અકસ્માત કે ગંભીર બીમારીથી પીડાતા દર્દીને બ્લડની જરૂરીયાત હોય અને તે જરૂરીયાત પોલીસના માણસો દ્વારા પુરી પાડવામાં આવેલ હોય.
૧૩. સીનીયર સીટીઝનને પોલીસ દ્વારા સુરક્ષીત કરવા મદદ કરવામાં આવેલ હોય.
૧૪. કોઇ સમયે અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિ કે કુદરતી હોનારત દરમ્યાન પોલીસ વિભાગ દ્વારા બચાવ કે આશ્રય આપવાની કામગીરી કરવામાં આવેલ હોય.
૧૫. પોતાનાં સંતાનો દ્વારા તરછોડાયેલ માતા-પિતાને પોલીસ દ્વારા તેમનાં સંતાનોને સમજાવી વૈમનસ્ય/ધૃણા દુર કરી, સંયુકત કુટુંબમાં રહેવાની ભાવના કેળવવા સમજાવવાની કામગીરી કરેલ હોય.

**( આર.વી.ડામોર )**
નાયબ પોલીસ અધિક્ષક
મુખ્ય મથક અને નોડલ ઓફીસર
ભાવનગર


ભાવનગર જીલ્લા પોલીસ
સાવચેત રહો, સુરક્ષિત રહો"
ભારતીય બનાવટના ઇંગ્લિશ દારૂ તથા મિલ્કત સંબંધી ગુન્હાઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા કુલ-૦૫ ઈસમોને પાસા હેઠળ અટકાયત કરી લાજપોર જેલ,સુરત,વડોદરા મધ્યસ્થ જેલ,અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે મોકલી આપતી ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ તથા પેરોલ ફર્લો સ્કોડ.
વિરેન હકાભાઇ વાઘેલા
હરપાલસિંહ જીતેન્દ્રસિંહ ગોહિલ
અતીશ જીવણભાઇ ચૌહાણ
સાગર ગોવિંદભાઇ રાઠોડ
સુધીરભાઇ અશોકભાઇ પંડયા
SP Bhavnagar
sp_bhavnagar
SPBhavnagar
POLICE EMERGENCY 100
WOMEN HELPLINE 181
POLICE CONTROL ROOM 0278 2520250
CYBER CRIME HELPLINE 1930


ભાવનગર જીલ્લા પોલીસ
"સાવચેત રહો, સુરક્ષિત રહો"
કાયદાનાં સંઘર્ષમાં આવેલ કિશોર પાસેથી કિ.રૂ.૧,૫૦,૦૦૦/- નાં ચોરી થયેલ મોટર સાયકલ-૦૫ કબ્જે કરી વાહન ચોરીઓનાં ગુન્હાઓનો ભેદ ઉકેલતી ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ તથા પેરોલ ફર્લો સ્કવોડ.
SP Bhavnagar
sp_bhavnagar
SPBhavnagar
POLICE EMERGENCY 100
WOMEN HELPLINE 181
POLICE CONTROL ROOM 0278 2520250
CYBER CRIME HELPLINE 1930

# ભાવનગર જીલ્લા પોલીસ

સાવચેત રહો, સુરક્ષિત રહો"

**રૂ.૬,૯૧,૯૯૪/-નાં ભારતીય બનાવટનાં ઇંગ્લીશ દારૂનાં પાઉચ અને બોટલોનાં જથ્થા સહિત કુલ રૂ.૧૨,૦૮,૪૧૪/- ના મુદ્દામાલ સાથે ત્રણ ઇસમોને ઝડપી પાડતી ભાવનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચ તથા પેરોલ ફર્લો સ્કવોડ**








SP Bhavnagar | sp_bhavnagar | SPBhavnagar

POLICE EMERGENCY 100 | WOMEN HELPLINE 181 | POLICE CONTROL ROOM 0278 2520250 | CYBER CRIME HELPLINE 1930


# ભાવનગર જીલ્લા પોલીસ


"સાવચેત રહો, સુરક્ષિત રહો"

શખ્સ અગાઉ પણ ચોરીના બાઈક સાથે પોલીસ સકંજામાં સપડાયો હતો

## નિલમબાગ સર્કલ પાસેથી ૧૧ ચોરીના બાઈક સાથે ફુલસરનો શખ્સ ઝડપાયો

ચોરાઉ બાઈક કબજે લેવાયા : નિલમબાગ, બોરતળાવ, રેલવે પોલીસ મથકના ગુનાના ભેદ ઉકેલાયા

। ભાવનગર (સંદેશ પ્રતિનિધિ) ।

ભાવનગર શહેરના નિલમબાગ સર્કલ પાસેથી પોલીસે અગાઉ ચોરીના ગુનામાં ઝડપાયેલા ફુલસરના શખ્સની ચોરાઉ બાઈક સાથે અટક કરી પુછપરછ કરતા વધુ ૧૧ બાઈક ચોરીના ભેદ ઉકેલાયા હતા. જેના પગલે પોલીસે બાઈક બરામત કર્યા હતા. જ્યારે શખ્સની કબુલાતના પગલે નિલમબાગ, બોરતળાવ, રેલવે પોલીસ સહીતના પોલીસ મથકના ગુનાના ભેદ ઉકેલાયા હતા.

બનાવની જાણવા મળતી વિગતો અનુસાર નિલમબાગ પો.સ્ટેના પોલીસ ઈન્સ્પેકટર શ્રી પી ડી પરમારની સુચનાથી સર્વેલન્સ ટીમ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન નિલમબાગ સર્કલ પાસેથી પસાર થતા અગાઉ અત્રેના નિલમબાગ પો.સ્ટે.માં ચોરીના ગુન્હામાં પકડાયેલ મિલન રાઠોડ એક નંબર પ્લેટ વિનાના બાઈક સાથે પસાર થતા તેને રોકી તેની પાસે રહેલા બાઈકના આધાર પુરાવા તેમજ કાગળો માગતા પોતાની પાસે નહી હોવાનું જણાવતા હોય બાદ તેને યુક્તિ પ્રયુક્તિથી વિશ્વાસમાં લઈ પૂછપરછ



કરતા મીલન લક્ષ્મણભાઈ રાઠોડ (ઉ.વ.૨૪ રહે.મુખ્યમંત્રી આવાસ યોજના, વિંગ-એફ/૪૫, સંસ્કાર વિધ્યાલયની સામે, ફૂલસર, ભાવનગર, મુળ ભાંખલ ગામ, તા.શિહોર)એ ભાવનગર સર ટી. હોસ્પિટલ, બોરતળાવ, ગંગાજળીયા તળાવ, શિહોર રેલ્વે સ્ટેશન બસ સ્ટેન્ડ આજુબાજુના વિસ્તારમાંથી આજથી છેલ્લા એકાદ વર્ષ દરમિયાન અન્ય અગીયારેક ટુ વ્હીલ મો.સા. ચોરી કરી મેળવેલ હોય અને તમામ મો.સા.ની કબુલાત આપતા આરોપીએ ચોરી કરેલ તમામ ટુ વ્હીલ મો.સા કુલ-૧૧ તથા બે ટાયર મળી કુલ કિ.રૂ.૨,૭૪,૦૦૦નો મુદામાલ રીકવર કરી શખ્સ પાસેથી મળી આવેલ મુદામાલ શક પડતી મિલ્કત સી.આર.પી.સી કલમ.૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કર્યા હતા. જ્યારે શખ્સની પુછપરછ કરતા તેને ગેરેજનું કામકાજ ફાવતુ હોય જેથી ભીડભાડવાળી જગ્યા તથા વધુ વાહન પાર્ક કરેલી જગ્યાની રેકી કરતો અને હેન્ડલ લોક થયેલ ન હોય તેવા ટુ વ્હીલ મોટરસાયકલ દોરવીને થોડે દુર સુધી લઈ જતો અને બાદ વાહન ડાયરેકટ કરી ચલાવીને નીકળી જતો હોવાની કબુલાત આપી હતી. જેના પગલે નિલમબાગ, બોરતળાવ, ભાવનગર રેલવે પોલીસ મથકના ગુના ડિટેકટ થવા પામ્યા હતા.


SP Bhavnagar | sp_bhavnagar | SPBhavnagar

POLICE EMERGENCY 100 | WOMEN HELPLINE 181 | POLICE CONTROL ROOM 0278 2520250 | CYBER CRIME HELPLINE 1930